ક્રમાંક/એમવીડી/પ્રોસીક્યુશન/૧૦૩૨૦૧૫/૭/ ૨ ૪૪૧
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક.નં.૬,
ત્રીજે માળ, સચિવાલય, ગાંધીનગર.
તારીખ -૩-૨૦૧૫. 27 MAR 2015

પ્રતિ,
તમામ પ્રાદેશિક/સહાયક વાહન વ્યવહાર અધિકારીશ્રી,

વિષય:- ડ્રાઈવીંગ લાઈસન્સ અને રજીસ્ટ્રેશન વગર વાહન ચલાવવાના ગુન્હા માટે પ્રોસીકયુશન કરવા બાબત.

મોટર વાહન અધિનિયમ,૧૯૮૮ ની કલમ-૩ હેઠળ ડ્રાઈવીંગ લાયસન્સ વગર જાહેર જગ્યામાં વાહન ચલાવવા પર પ્રતિબંધ છે તેવી જ રીતે કલમ-૩૯ હેઠળ રજીસ્ટ્રેશન વગર વાહન ચલાવવા પર પ્રતિબંધ છે. મોટર વાહન અધિનિયમ,૧૯૮૮ ની કલમ-૧૮૧ માં ડ્રાઈવીંગ લાયસન્સ વગર વાહન ચલાવવા માટે ત્રણ માસ સુધીની કેદની સજા અથવા ૫૦૦૦/- રુપિયા સુધીનો દંડ અથવા બંનેની જોગવાઇ છે. જ્યારે કલમ-૧૯૨ માં રજીસ્ટ્રેશન વગર વાહન ચલાવવાના કીસ્સામા પ્રથમ ગુન્હા માટે ૫૦૦૦/- રુપિયા સુધીનો દંડ પણ રુ.૨૦૦૦/- થી ઓછા નહી જ્યારે બીજા ગુના માટે એક વર્ષની સજા અથવા રુ.૧૦,૦૦૦/- સુધીનો દંડ પણ ૫૦૦૦/- રુપિયા થી ઓછા નહી અથવા બંનેની જોગવાઇ છે. આ બંને કેસોમાં કલમ-૨૦૭ હેઠળ વાહન ડીટેઇન પણ કરી શકાય છે. હાલ જ્યારે આવા કેસ પકડાય ત્યારે હેઠળના ગુન્હાઓમાં ક-૨૦૦ હેઠળ માંડવાળ ફી લઇ ગુન્હાની માંડવાળ કરવામાં આવે છે. ખાસ કરીને પોલીસ તરફથી આવા કેસોમાં ચેકીંગ મેમા આપી આ મેમાઓ આરટીઓ કચેરીઓમાં મોકલી આપી, આરટીઓ માં કસુરદાર ધ્વારા માંડવાળ ફી ભર્યાનું પ્રમાણપત્ર/પહોંચ રજુ કર્યેથી વાહન અથવા વાહનના દસ્તાવેજો મુકત કરી દેવામાં આવે છે. આ પધ્ધતિથી આવા ગુન્હાઓ ભવિષ્યમાં ન થાય તેની ગંભીરતા સાથેની સમજદારી ઉત્પન્ન થતી નથી. તથા સમાજમાં દાખલો બેસતો નથી. આ બંને ગુન્હાઓ માર્ગસલામતી માટે જોખમકારક છે. આ સંજોગોમાં મોટર વ્હીકલ્સ એકટ હેઠળના આ ગંભીર ગુન્હાઓમાં નીચેની કાર્યવાહી કરવા સુચના આપવામાં આવે છે.

૧. લાયસન્સ વગર વાહન ચલાવવાના ગુન્હાઓમાં તથા રજીસ્ટ્રેશન વગર વાહન ચલાવવાના ગુન્હાઓમાં માંડવાળની કાર્યવાહી ન કરતાં સંબંધીત જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં પ્રોસીકયુશન કરવું.
૨. પોલીસ તરફથી આ ગુન્હા અંગે આવતા મેમાઓ તુરતજ પ્રોસીકયુશન કરવા પરત કરવા.

આ સૂચનાનો અમલ કરવા જણાવવામાં આવે છે.

આમ, કલમ-૧૮૧ અને ૧૯૨ હેઠળના ગુન્હા માટે કલમ-૨૦૦ હેઠળ માંડવાળ ફી વસુલ કરવાને બદલે પ્રોસીકયુશન કરવા જણાવવામાં આવે છે.

નોંધ પર માન.કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

ખાસ ફરજ પરના અધિકારી,
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ગુજરાત રાજય,ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u> પ્રતિ, માન.અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, બં.અને.વા.વ્ય.નું કાર્યાલય,
માન.અગ્રસચિવશ્રીના ધ્યાને પરિપત્ર લાવવાની વિનંતીસહ.

પુરબિપા:જલ:૩૨૮:

Akhil Gujarat Truck Transport Association
R. 17-4-15